સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા વાહનચાલકોને હેલ્મેટ વિતરણ કરાયા

(તસ્વીરઃ મનુભાઈ નાચી, પ્રાંતિજ)

(પ્રતિનિધિ) હિંમતનગર, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં જિલ્લા પોલીસ કચેરી ખાતે હેલ્મેટ વિતરણ નો કાર્યક્રમ યોજાયો હતો. સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા નવતર પ્રયોગ ચાલુ કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા પોલીસ વડા વિજય પટેલના હસ્તે ટ્રાફિકની અવેરનેસને લઈને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જોકે હિંમતનગર શહેરમાં જાહેર રસ્તા પર ટ્રાફિકને લઈને બાઈક ચાલકોને કોઈ અકસ્માતની ઘટના ન ઘટે તે માટે જિલ્લા પોલીસ વડા દ્વારા ટ્રાફિકના નિયમને લઈને દંડ કરવાને બદલે હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યમાં બાઈક ચાલકો હેલ્મેટ ના પહેરવાના કારણે ઘણા બાઈક ચાલકોના અકસ્માતમાં મૃત્યુ થયા છે. જોકે પોલીસ દ્વારા અવારનવાર બાઈક ચલાકોને હેલ્મેટ પહેરવા માટે જાણ કરવામાં આવે છે. છતાં બાઈક ચાલકો બેફામ બાઈક ચલાવીને અકસ્માત ના કારણે મૃત્યુ પામતા હોય છે. જેને લઈને જિલ્લા પોલીસ વડા વિજય પટેલે બાઈક ચાલકોને સુરક્ષા અને સલામતી માટે હેલ્મેટ આપીને સમજાવવામાં આવ્યા હતા. ૧૦૦ જેટલા વાહન ચાલકોને હેલ્મેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે હેલ્મેટ ફરજિયાત પહેરવાની સૂચનાઓ આપી હતી.

હેલ્મેટ વિતરણ નું સમગ્ર સંચાલન હિંમતનગર હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ એસ. જે. પંડ્યા તથા પી.એસ.આઈ વિમલ ચૌહાણ. એ કર્યું હતું.

ઝઘડિયા ચાર રસ્તા નજીક નવીનગરી ખાતે સ્પીડ બ્રેકર મૂકવા માંગ

(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધિ) ભરૂચ, ઝઘડિયા ચાર રસ્તા થી રાજપારડી જવાના માર્ગ પર નવીનગરી વસાવત આવેલી છે ત્યાં અવારનવાર જીવલેણ અકસ્માતોની ઘટનાઓ બની છે.આ નવીનગરીની પાસે આશ્રમશાળા જેમાં વિદ્યાર્થીઓ રહે છે ઉપરાંત એક બેંક અને ગેસ એજન્સી આવેલી હોય મોટા પ્રમાણમાં નાના મોટા વાહનો તેમ જ પગપાળા લોકો મુખ્ય સરદાર પ્રતિમા ધોરી માર્ગ પરથી આવન જવાનું કરતા હોય છે.આવા સંજોગોમાં કેટલાય અકસ્માતો જીવલેણ બન્યા છે.નવી નગરી વિસ્તારના રહીશો દ્વારા આજરોજ ઝઘડિયા પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર આપી નવીનગરી પાસે સરદાર પ્રતિમા ધોરીમાર્ગના બંને ટ્રેક પર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તેવી માંગણી કરી છે અને ભૂતકાળમાં પણ અકસ્માતોના બનાવમાં લોકોના જીવ ગયા હોય તાત્કાલિક સ્પીડ કર મૂકવામાં આવે તેવી માંગ કરી છે.

દિવાળી આવતા બજારમાં વેચાઈ રહી છે નકલી બદામ

અમદાવાદ, આજકાલ બજારમાં તમામ પ્રકારનો ભેળસેળવાળો સામાન આડેધડ વેચાય છે. વધુ નફો મેળવવા માટે લોકો આવી ભેળસેળ અને બ્લેક માર્કેટિંગ કરે છે. ઉલ્લેખનીય છે કે, ભેળસેળયુક્ત ખોરાક ખાવાથી તમારા સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થઈ શકે છે. જેના કારણે અનેક ગંભીર બીમારીઓનો ખતરો રહે છે. એટલું જ નહીં, ડાયાબિટીસ, કેન્સર અને પેટ સંબંધિત જીવલેણ રોગો પણ મોટાભાગે ભેળસેળયુક્ત વસ્તુઓના સેવનથી થાય છે. હાલ તહેવારોની સિઝન ચાલી રહી છે અને આ દરમિયાન ડ્રાયફ્રૂટ્સ અને બદામમાં ઘણી ભેળસેળ કરવામાં આવે છે. ઘણી વખત તંત્ર દ્વારા પણ બજારમાં નકલી બદામ, કાજુ વગેરેનો મોટા પ્રમાણમાં જથ્થો પકડે છે. આ વસ્તુઓમાં એવી રીતે ભેળસેળ કરવામાં આવે છે કે, તેને સરળતાથી ઓળખવી મુશ્કેલ બને છે. બજારમાંથી બદામ ખરીદતી વખતે, સામાન્ય લોકો એ તફાવત કરી શકતા નથી કે, તેઓ જે વસ્તુ ખરીદે છે અને ઘરે લઈ જાય છે, તે અસલી છે કે નકલી! આ વસ્તુઓમાં ભેળસેળ એ રીતે કરવામાં આવે છે કે, તે બિલકુલ અસલ જેવી જ દેખાય છે, પરંતુ કેટલીક ટિપ્સ અપનાવીને તમે અસલી અને નકલી બદામ વચ્ચેનો તફાવત કરી શકો છો. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પણ અસલી અને નકલી ખાદ્ય ઉત્પાદનોને ઓળખવા માટે સમયાંતરે કેટલીક ટીપ્સ આપતા હોય છે. અસલી અને નકલી બદામને ઓળખવા માટે તેને તમારી હથેળી પર ઘસો. જો બદામને ઘસવામાં આવે ત્યારે તેનો રંગ ઉતરી જતો હોય તો સમજવું કે તે નકલી અને ભેળસેળયુક્ત છે. બદામ બનાવવા માટે, ઉપરથી પાવડર છંટકાવ કરીને રંગ વધારવામાં આવે છે. તમે તેને બદામના રંગથી પણ ઓળખી શકો છો. વાસ્તવિક બદામનો રંગ આછો ભૂરો હોય છે, જ્યારે નકલી બદામનો રંગ ઘાટો દેખાય છે. અસલી અને નકલી બદામને ઓળખવા માટે તેને કાગળ પર થોડીવાર દબાવી રાખો. જો આમ કરવાથી, કાગળ પર તેલના નિશાન દેખાય છે, તો બદામ અસલી છે. આ સિવાય અસલી અને નકલી બદામને તેના પેકિંગ પરથી પણ ઓળખી શકાય છે. તેને ખરીદતી વખતે પેકિંગ પર લખેલી વસ્તુઓને ધ્યાનથી વાંચો.

બજારમાં તમામ પ્રકારનો ભેળસેળવાળો સામાન આડેધડ વેચાય છે

અંકલેશ્વરમાં લિવ ઈન રિલેશનશિપમાં રહેતી યુવતિની ગળું દબાવી હત્યા

પ્રેમીના મોટા ભાઈએ યુવતીનું ગળું દબાવ્યું અને પ્રેમીએ પગ પકડી રાખ્યા હતા : પોલીસે સમગ્ર હત્યાના મામલાનો પર્દાફાશ કર્યો

(પ્રતિનિધિ) ભરૂચ, અંકલેશ્વરમાં લિવ ઈન રિલેશનશિપમાં રહેતી યુવતી હત્યા પ્રકરણમાં મોટો ખુલાસો થયો છે.યુવકના મોટા ભાઈએ યુવતીનું ગળું દબાવી અને નાના ભાઈએ પગ પકડી હત્યા કરી નાખી હતી.તેના મૃતદેહને કોથળામાં બાંધી અન્ય મિત્રોની મદદથી કમલમ તળાવમાં પથ્થર બાંધી ફેંકી દેવામાં આવી હતી.જેનો ભાંડો ફૂટતા પોલીસે મોટા ભાઈ અને તેના મિત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથધરી છે.

સોશ્યલ મીડિયાથી ઓળખાણમાં આવેલા સૌરભ ગંગવાણી અને મયુરી ભગત છેલ્લા અઢી વર્ષથી અંકલેશ્વરમાં લિવ ઈન રિલેશનશિપમાં પતિ-પત્ની તરીકે રહેતા હતા.છેલ્લા દોઢ માસથી તેઓ ગુજરાત હાઉસિંગ બોર્ડ સુરતી ભાગોળમાં ભાડે મકાન રાખીને રહેતા હતા.જોકે બંને વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા હોય બંનેને સમજાવવા સૌરભના મોટા ભાઈ સંજય ગંગવાણીએ ૯ મી ઓક્ટોબર ૨૦૨૩ સવારના ૧૦ વાગ્યે પોતાના ઘરે બોલાવ્યા હતા.જ્યાં તેની સાથે રહેતા અન્ય મિત્રોને તેણે બહાર મોકલી આપ્યા હતા.જે બાદ સંજયે મયુરીને ઝઘડા નહિ કરવા અને શાંતિથી રહેવા સમજાવી હતી.પરંતુ મયુરી નહિ સમજીને સંજયની સામે બોલતી હતી.જેથી સંજય ઉશ્કેરાઈ મયુરીનું ગળું દબાવી દીધું હતું જયારે સૌરવે મયુરીનું પગ પકડી રાખ્યા હતા.જોકે તેમ છતાંય તે નહિ મરતા સંજયે તેના ગમછા વડે ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી.ત્યાર બંને ભાઈઓએ મયુરીને નયલોનની દોરીથી બરાબર બાંધી કોથળામાં બાંધી મન ઉર્ફે ગોલું તુકારામ વેરેકર નામના મિત્રની મદદ લઈ બાઈક પર કોથળામાં લાશને લઈને રામકુંડ કમલમ તળાવ પહોંચી ભરથરી ઉર્ફે બદ્રી નામના અન્ય ઈસમની મદદથી મોટા પથ્થર વડે કોથળા ઉપર બાંધી મયુરીને મૃતદેહને કમલમ તળાવમાં ફેંકી પલાયન થઈ ગઈ હતાં.જે અંગેની ગતરોજ હેડ કોન્સ્ટેબલને મળેલી માહિતી પોલીસને માહિતી મળતા સમગ્ર હત્યા કાંડનો ભાંડો ફૂટ્યો હતો.પોલીસે સંજય અને મન ઉર્ફે ગોલુને ઝડપી પાડી તેમણે બતાવેલા સ્થળ પરથી મયુરીના મૃતદેહને બહાર કાઢી ફોરેન્સિક લેબમાં મોકલી આપી સૌરભ ગંગવાણી અને ભરથરી ઉર્ફે બદ્રીને વોન્ટેડ જાહેર કરી અલગ અલગ ટીમો બનાવી તેને ઝડપી પાડવાની તજવીજ હાથધરી હતી.જોકે પોલીસને હજીય મયુરી ભગતના પરિવારજનો નહિ મળતા પોલીસ તેના પરિવારજનોની શોધખોળ આદરી રહી છે.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાની

સાબરકાંઠા જિલ્લા લીગલ સેલની બેઠક હિંમતનગર સર્કિટ હાઉસ ખાતે મળી

(તસ્વીરઃ મનુભાઈ નાચી, પ્રાંતિજ)

(પ્રતિનિધિ) હિંમતનગર, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા સાબરકાંઠા જિલ્લા લીગલ સેલ ની મીટીંગ તા.૩૧/૧૦/૨૦૨૩ ના રોજ લીગલ સેલ ના પ્રભારી શ્રી નવીનભાઈ સેવક ની અધ્યક્ષતા માં નવા સર્કિટ હાઉસ, હિંમતનગર ખાતે મળી તેમા અતિથી વિશેષ લીગલ સેલ ના કન્વીનર શ્રી આશિષભાઈ મહેતા, ઉપ-પ્રમુખ શ્રીપ્રફુલભાઈ વ્યાસ, મુખ્ય સંગઠક શ્રી અતુલભાઈ દીક્ષિત, મંત્રી શ્રી રિશીરાજભાઈ ભટ્ટ, જિલ્લા પ્રમુખ શ્રી મનોજભાઈ પુરોહિત, ઉત્તર ગુજરાત ઝોન લીગલ સેલ પ્રભારી શ્રી રેખાબેન જોષી ઉપસ્થિત રહ્યા.

આ મિટિંગમાં સાબરકાંઠા જીલ્લા ભાજપા મહામંત્રી શ્રી વિજયભાઈ પંડ્યા તથા જિલ્લાના નામાંકિત એડવોકેટ સર્વ શ્રી રશ્મિકાંત પંડ્યા, શ્રી રોહિતભાઈ ભટ્ટ, શ્રી રાજુભાઈ ભટ્ટ, સરકારી વકીલ શ્રી હિરેનભાઈ ત્રિવેદી, શ્રી રાજુભાઈ શર્મા, હિંમતનગર નગરપાલિકા મેયર શ્રી વિમલભાઈ ઉપાધ્યાય તથા દરેક તાલુકા માંથી પધારેલ મોટી સંખ્યામાં સર્વે નામાંકિત વકીલ મિત્રોએ તથા પત્રકાર મિત્રોએ ભાગ લીધેલ.

ખંગેલા ચેકપોસ્ટ પરથી રૂા.૮૬.૪૦ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રૂા. ૨૦ લાખની કિંમતની બાર છક્કા ગાડી તથા મોબાઇલ ફોન વગેરે મળી રૂા.૧,૦૬,૪૮,૦૦૦/-ના મુદ્દા માલ સાથે ચાલકની અટક

(એજન્સી) દાહોદ, મધ્યપ્રદેશની બોર્ડર સ્થિત ખંગેલા ચેકપોસ્ટ પર ગોઠવેલ વોચ દરમિયાન કતવારા પોલીસે જિલ્લામાં સૌપ્રથમવાર અધધ... થાય એટલી વિપુલ માત્રામાં એટલે કે રૂપિયા ૮૬.૪૦ લાખ ની કિંમતના વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૨૦૦ સાથે ટાટા મોટર્સ લિમિટેડ કંપનીની બાર છક્કા ગાડી પકડી પડી એક મોબાઈલ, એક જીપીએસ તથા રૂપિયા ૨૦ લાખની કિંમતની બાર છક્કા ગાડી મળી કુલ રૂપિયા ૧,૦૬,૪૮,૦૦૦/-ના મુદ્દા માલ સાથે ગાડીના ચાલકની અટક કરતા જિલ્લા પોલીસ વડાએ કતવારા પોલીસને ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લો ગુજરાતના સીમાડે આવેલ જિલ્લો છે. અને દાહોદ જિલ્લો પડોશી રાજ્યો મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલ જિલ્લો હોય આ બંને પડોશી રાજ્યોમાં વિદેશી દારૂના વેચાણ કે પીવા પર કોઈપણ જાતનો પ્રતિબંધ ન હોવાથી આ બંને રાજ્યોમાંથી જિલ્લાના દાહોદ અને ઝાલોદના રસ્તે વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડાય છે પરંતુ આ બંને પાડોશી રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોય આચાર સંહિતા અમલમાં હોવાથી બંને રાજ્યોની દાહોદ જિલ્લાને જોડતી સરહદો સીલ કરી દેવામાં આવી છે અને દાહોદ જિલ્લાની પોલીસ પણ પોતાની સરહદે સાબદી બની છે. તેવા સમયે કતવારા પી.એસ.આઈ, એ.પી પરમારને બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશ તરફથી ટાટા મોટર્સ લિમિટેડ કંપનીની બાર છક્કા ગાડી દેશી દારૂનો જંગી જથ્થો લઈ કતવારા પર થઈ અમદાવાદ તરફ જનાર છે. બાતમીને આધારે ગતરોજ બપોરના સમય કતવારા પીએસઆઈ એપી પરમાર પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ ગુજરાતની સરહદે આવેલ ગંગેલા ચીફ પોસ્ટ પર યુહાત્મક વોચ ગોઠવી આત્મીમાં દર્શાવેલ બાર છક્કા ગાડી પકડી પાડી તેની તલાસી લઈ ગાડી માંથી લાકડાના મોટા બોક્સોમાં વ્યવસ્થિત રીતે ગોઠવીને મુકેલ રૂપિયા ૮૬.૪૦ લાખની કુલ કિંમતની ભારતીય બનાવટ ના ઈંગ્લિશ દારૂ રોયલ બ્લ્યુ માલ્ટ વિસ્કીની કુલ પેટીઓ નંગ-૧૨૦૦ માં ભરેલ કુલ બોટલ નંગ-૫૭,૬૦૦ પાડી ગાડી ના ચાલક હરિયાણાના કલાપત ગામના સુરેન્દ્રસિંહ કર્મવીરસિંહ ચમર ની અટક કરી તેની પાસેથી રૂપિયા ૫,૦૦૦/-ની કિંમતનો મોબાઈલ ફોન તથા રૂપિયા ૩,૦૦૦/-ની કિંમતનું જીપીએસ પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ૨૦ લાખની કિંમતની બાર છક્કા ગાડી મળી કુલ રૂપિયા ૧,૦૬,૪૮,૦૦૦/-નો મુદ્દા માલ કબજે લઈ ગાડીના ચાલક, ગાડીમાં દારૂનો જથ્થો ભરી આપનાર તથા દારૂનો જથ્થો મંગાવનાર અમદાવાદના બુટલેગર હિત કુલ પાંચ જણા વિરુદ્ધ કતવારા પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

(તસ્વીરઃ મઝહરઅલી મકરાણી, દેવગઢબારીઆ)

ઓખા વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

જામખંભાળીયાઃ દ્વારકા તાલુકાના ઓખા વિસ્તારમાં આવેલા આર.કે. બંદર મોરી જેટી નજીકથી મળેલ પોલીસને ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૧૮૦ એમએલડી ૭૦ બોટલ જેવી કિ.રૂ.૮૪૦૦ના મુદામાલ પોલીસે જપ્ત કર્યો હતો. આઅ કાર્યવાહી દરમ્યાન પોલીસે આરોપી મહેશ સાજણ ધોકીયા નામના શખ્સને ઝડપી પાડી આરોપી વિરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાનના પૂર્વ સીએમ વસુંધરા રાજેના કાફલા પર ગોળીબાર

(એજન્સી) જયપુર, રાજસ્થાનના પૂર્વ સીએમ વસુંધરા રાજે ગુરુવારે બ્યાવર જિલ્લાના ખારવા ગામમાં જનસંપર્ક અભિયાન માટે ગયા હતા અને અચાનક તેમના કાફલામાં ગોળીબાર થયો હતો. આરોપી કુખ્યાત ગુનેગાર અને સૂર્યા ગેંગના લીડરને પકડવા ગયેલી વિજયનગર પોલીસ અને ગુનેગાર વચ્ચેના એક્કાઉન્ટર દરમિયાન આ ગોળીબાર થયો હતો. એક્કાઉન્ટરમાં પોલીસને ઈનામ સાથે ગુનેગારની ધરપકડ કરવામાં સફળતા મળી હતી.

ઉલ્લેખનીય છે કે આજે પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે પાલી જિલ્લાની મુલાકાતે છે, જ્યાં તેઓ બાલી વિધાનસભાના ભાજપના ઉમેદવાર પુષ્પેન્દ્ર સિંહ રણોતના નામાંકન દરમિયાન એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

નોંધનીય છે કે ધરપકડ કરાયેલા ગુનેગાર અને સૂર્યા ગેંગના લીડર સુરેશ ગુર્જરને પકડવા માટે પોલીસ લાંબા સમયથી પ્રયાસ કરી રહી હતી. વિજયનગર પોલીસને બાતમી મળી હતી કે સુરેશ ગુર્જર વિજયનગરમાં તેના પરિવારજનોને મળવા ઘરે આવ્યો હતો. આરોપીને પકડવા માટે પોલીસ સંપૂર્ણ તૈયારી સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આમાં ખુદ પોલીસ અધિકારી સામેલ હતા.

વિજયનગર પોલીસ સ્ટેશનના અધિકારી અને નાગરિક વસ્ત્રોમાં સજ્જ ટીમ માહિતી સ્થળ પર નજર રાખી રહી હતી અને સુરેશ ગુર્જર ઘટનાસ્થળે પહોંચતા જ પોલીસની ટીમે આરોપીને ચારેય બાજુથી ઘેરી લીધો અને તેને કસ્ટડીમાં લીધો. આરોપી સુરેશ ગુર્જર પર ૧૦,૦૦૦ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલ સુરેશ ગુર્જર અને તેના સાગરિતો સામાન્ય લોકોને ડરાવવા અને તેમની પાસેથી ગેરકાયદે ખંડણી વસૂલવા માટે સૂર્યા ગેંગનું સંચાલન કરતા હતા. આ પહેલા પણ સુરેશ ગુર્જર પર ખારવા ગામમાં પૂર્વ સીએમ વસુંધરા રાજેના જાહેર કાર્યક્રમમાં ફાયરિંગ કરવાનો આરોપ હતો અને વિજયનગર પોલીસ સ્ટેશનમાં તેમની વિરુદ્ધ કેસ નંબર ૫૯/૨૦૨૩ અને ૬૦/૨૦૨૩ નોંધાયેલ છે. તેની સામે અન્ય પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે.

આરોપી સુરેશ ગુર્જરની ધરપકડ દરમિયાન ઘનશ્યામ ગુર્જરના પુત્ર, ઈન્દ્રા કોલોની, વિજયનગર નિવાસી, વિજયનગર પોલીસ સ્ટેશનના અધિકારી દિનેશ કુમાર ચૌધરી, એએસઆઈ શિવચરણ ઘનશ્યામ, બજરંગસિંહ ગજેન્દ્ર નરેન્દ્ર રાઘેલ અને અન્ય ટીમના સભ્યો હાજર હતા.

છેલ્લી વખત, અજમેર જિલ્લાની મુલાકાતે આવેલા પૂર્વ સીએમ રાજેના આગમન પહેલા આવી ઘટનાની જાણ થઈ હતી. રાજે રોડ થઈને બ્યાવર જઈ રહ્યા હતા અને તેમનો કાફલો ખારવા ગામમાં પહોંચે તે પહેલા જ ફાયરિંગની ઘટના બની હતી. ત્યારબાદ બંને જૂથો વચ્ચે બોલાચાલી દરમિયાન એક યુવકે હવામાં બંદૂક લહેરાવીને ફાયરિંગ કરતાં કાફલામાં અફરાતફરી મચી ગઈ હતી.

જોધપુરમાં રૂ. ૯૫ લાખ રોકડા અને રૂ. ૮.૬૧ લાખની કિંમતની ૧૧ કિલો ચાંદી જપ્ત

(એજન્સી) જોધપુર, વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, ઉત્ તર પશ્ચિમ રેલ્વે આરપીએફના મહાનિરીક્ષકના આદેશ અનુસાર, રેલ્વેમાં ગેરકાયદેસર દારૂ, રોકડ અને હથિયારોની સંભવિત દાણચોરીને રોકવા માટે આરપીએફ સ્ટાફને એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યો છે. આ માટે એક ટાસ્ક ટીમ બનાવવામાં આવી હતી. બુધવારે જોધપુર-જેસલમેર વચ્ચે ચાલતી ટ્રેનમાં ચેકિંગ દરમિયાન તિવારી નજીક જનરલ કોચમાં એક મુસાફર પાસેથી ૯૫ લાખ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી હતી.

વ્યક્તિની ઓળખ બિરમા રામના રહેવાસી રિનિયા તરીકે થઈ છે. તે જોધપુરનો રહેવાસી છે. આરપીએફને તેના કબજામાંથી રોકડ ભરેલી બે બેગ મળી આવી હતી. પૂછપરછ દરમિયાન તે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો, ત્યારબાદ પોલીસે તેની ધરપકડ કરી હતી. બાદમાં તેને આવકવેરા વિભાગ, જોધપુરને સોંપવામાં આવ્યો હતો.

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં યુડીઝે વીઆઈ સાથે મળીને વીઆર કોમ્બેટ શુટીંગ ગેમ રજૂ કરી

અમદાવાદ, અમદાવાદ સ્થિત અગ્રણી ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ગેમ ડેવલપમેન્ટ કંપની યુડીઝ સોલ્યુશને ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૩માં અગ્રણી ટેલિકોમ ઓપરેટર વોડાફોન ઈન્ડીયા (વીઆઈ) સાથે મળીને વીઆર કોમ્બેટ શૂટિંગ ગેમ રજૂ કરી પોતાની ક્ષમતા પ્રદર્શીત કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે ઈન્ડીયા મોબાઈલ કોંગ્રેસનુ ઉદ્દઘાટન કર્યુ હતું.

ઈનોવેટીવ અને ઈમર્સીવ વીઆર ગેમ્સનુ નિર્માણ કરવાની પોતાની કટિબધ્ધતા આગળ ધપાવીને યુડીઝ ટ્રેન્ડીંગ ટેકનોલોજી માં એકરૂપતા લાવવામાં મોખરે રહે છે. તે વાસ્તવવાદ અને ઈનોવેશનનો સમન્વય કરે તેવા અનુભવોનો કુશળતાપૂર્વક સમન્વય કરીને અદ્યતન ગેમીંગ ટેકનોલોજીમાં ઉત્તમ સોલ્યુશન્સ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહે છે.

કોમ્બેટ શૂટિંગ ગેમ એ પજી અને વર્ચ્યુઅલ રિયાલિટી નો સમન્વય કરતી ગેમીંગ વર્લ્ડની અપાર રોમાંચક ક્ષમતા દર્શાવે છે. એક અપવાદરૂપ વી આર ગેમિંગ એડવેન્ચર તરીકે તે પ્લેયર્સ જ્યારે ઉત્કટતા સાથે કોમ્બેટ સિનારિયો માટે સજ્જ હોય ત્યારે એડ્રેનેલાઈન- પમ્પીંગ અનુભવ પૂરો પાડવાની ખાતરી રાખે છે. આ બધું વીઆર હેન્ડસેટ મારફતે શક્ય બને છે. ગેમમાં દરેક હિલચાલ અને વ્યૂહરચના સાથે પ્લેયરનો વીઆર પર્સપેક્ટિવ મોટા સ્ક્રીન પર પ્રતિબિંબિત થતો હોવાથી રોમાંચક શેર એક્સપિરિયન્સ પૂરો પાડે છે. પ્લેયર્સ જ્યારે વર્ચ્યુઅલ કોમ્બેટને ઝીણવટથી નેવિગેટ કરે છે ત્યારે પોતે સંપૂર્ણ એકશનમાં હોવાનો અનુભવ કરે છે.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

ઓપન 'ઈ' ટેન્ડર નોટીસ
સિગ્નલીંગ કામ

ટેન્ડર નં.: EL/TRD/Tender/23-24/24 ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ ટીઆર.ડી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચેના કામ માટે ટેન્ડર્સ આમંત્રિત કરવામાં આવે છે. **ક્રમ. સં. 1 ટેન્ડર નં. અને કામનું નામઃ EL/TRD/Tender/23-24/24** વડોદરા ડિવિઝનના સુરત-ગેરતપુર, વડોદરા-ડભોઈ અને વડોદરા-ગોધરા સેક્શનમાં 12 મીટર પહોળા ફુટ ઓવર બ્રિજની જોગવાઈ અને અન્ય ઓએચઈ ગતિવિધિયોના સંબંધમાં ઓએચઈ માં ઉમેરો અને ફેરફાર. **કામની અંદાજીત પડતર (₹ માં):** 3,03,87,809.20 **બીડ સિક્યોરિટી (₹ માં):** 3,02,000/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણતાનો સમયગાળો : પૂર્ણતાનો સમયગાળો** 12 મહિના, **ટેન્ડર શેડ્યૂલ :** ટેન્ડર બંધ થવાની તારીખ 30.11.2023 અને ટેન્ડર બંધ થવાનો સમય એ જ તારીખે. 15.00 કલાકે **વેબ પેજ વિગતો અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસ અને સ્પષ્ટીકરણનું સરનામુ:** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004. **(EL/TRD/Tender/23-24/24 dtd. 30.10.2023)** 219

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - અમદાવાદ

સર્વે અને કન્સ્ટ્રકશન
ઈ-ટેન્ડર નોટીસ

ઈ-ટેન્ડર નં.: Dy.CE-C-V-ADI-DSL-NLY-08 તારીખ : 27.10.2023 ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડે. ચીફ એન્જીનિયર(સી)વી, અમદાવાદ દ્વારા નીચેના કામો માટે ટેન્ડર્સ આમંત્રિત કરવામાં આવે છે. **ઈ-ટેન્ડર નં. DyCE-C-V-ADI-DSL-NLY-08, કામનું નામઃ** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટના સંબંધમાં લેવલ ક્રોસિંગ નંબર 92 (KM 141/5-6) ના બદલામાં અભિગમો અને અન્ય સુવિધાઓ સાથે 4 લેન રોડ ઓવરબ્રિજનું બાંધકામ. **કામની અંદાજીત પડતર : ₹ 76,60,14,358.74, બીડ સિક્યોરીટી : ₹ 39,80,100/-, ટેન્ડરનો પ્રકાર :** બે પેકેટ સિસ્ટમ બે સ્ટેજ રીવર્સ હરાજી, **પૂર્ણતાનો સમયગાળો : 12 (બાર મહિના (ચોમાસા સહિત). બંધ થવાની તારીખ અને સમય :** 17.11.2023 ના રોજ 15.00 કલાકે, **વેબસાઈટ વિગતો અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામુ:** www.ireps.gov.in ડે. ચીફ એન્જીનિયર(સી)વી, પશ્ચિમ રેલવે, અમદાવાદ. 50

અમને લાઇક કરો: facebook.com/WesternRly

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
સેન્ટ્રલ સ્ટોર્સ, જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૧
ટેન્ડર નોટિસ નં.-૨૫/૨૦૨૩-૨૪
ટેલી નં.૦૭૯-૨૫૩૯૦૭૩૦/૨૫૩૯૬૭૧૩

અ.મ્યુ.કો.ના સેન્ટ્રલ સ્ટોર્સ ખાતા મારફતે નીચે જણાવેલ આઈટમો માટે ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. રસ ધરાવતા અને અનુભવી એજન્સીઓએ ટેન્ડર નીચે જણાવેલ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી ભરવાના રહેશે.

ટેન્ડર નોટિસ નં.	સી.એસ.ટી.નં.	આઈટમની વિગત	વેબસાઈટ
૨૫/૨૦૨૩-૨૪ ટેન્ડર (ટુ-બીડ-ટેન્ડર)	૧૦૭	અ.મ્યુ.કો.ના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ માટે યુનિફોર્મનું કાપડ	tender.nprocure.com

ડે.મ્યુનિ.કમિશનર/ઓ.એસ.ડી.
(સેન્ટ્રલ સ્ટોર્સ)

ઈ હરાજી સૂચના
ચકવાતથી અસરગ્રસ્ત આશરે ૮૫૯.૫૨ એમટી ડીએપી (૧૮-૪૬-૦)

રસ ધરાવતા ખરીદદારોને ચકવાતથી અસરગ્રસ્ત આશરે ૮૫૯.૫૨ એમટી ડીએપી (૧૮-૪૬-૦)ના નિકાલ માટે એમટીના આધારે ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે. વિષય બચાવનું વેચાણ "જેમ છે ત્યાં છે", ગમે ત્યાં છે" અને "કોઈ ફરિયાદ નથી"ના આધારે કરવામાં આવશે અને તે **મેસર્સ હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**ની છે. વિષય સામગ્રીનું નિરીક્ષણ **મેસર્સ અદાણી પોર્ટ, મુંદ્રા, એફઆરએમ-૩, એફઆરએમ ૪એ અને ૪બી, મુંદ્રા, કચ્છ, ગુજરાત** ખાતે **તા.૦૩-૧૧-૨૩થી ૦૯-૧૧-૨૩ સવારે ૧૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી** માત્ર કામકાજના દિવસોમાં **શ્રી વિકીભાઈનો ૯૬૮૭૬૭૮૪૫૧** પર સંપર્ક કરીને નિરીક્ષણ કરી શકાશે.

**ઈ-